Knowledge Consortium of Gujarat | Department of Education Government of Gujarat | ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી Krantiguru Shyamji Krishna Verma KACHCHH UNIVERSITY

# SWAMI VIVEKANAND IAS STUDY CENTRE

## KSKV KACHCHH UNIVERSITY

## BHUJ – KACHCHH

Block – C Mo:9558340851

Mundra road, Bhuj – Kachchh Email:iasstudycentrekskvku@gmail.com

## IAS સ્ટડી સેન્ટર પ્રવેશ પરીક્ષા માટે અગત્યની સૂચના

ગુજરાત સરકારના KCG દ્વારા પ્રાયોજીત ઓક્ટોબર 2025માં કચ્છ યુનિવર્સિટી ખાતે 'સ્વામી વિવેકાનંદ IAS સ્ટડી સેન્ટર'ની શરૂઆત કરવામાં આવી હતી. આ સેન્ટર UPSC, GPSC તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની પરિણામલક્ષી તૈયારી માટે એક આદર્શ પ્લેટફોર્મ પૂરું પાડે છે, જ્યાં વિદ્યાર્થીઓને શાંત અને પ્રેરણાદાયી વાતાવરણ ધરાવતા આધુનિક વર્ગખંડો, હાઈ-સ્પીડ વાઈ-ફાઈ સુવિધા અને પરીક્ષાલક્ષી અધિકૃત પુસ્તકો ધરાવતી સમૃદ્ધ લાઈબ્રેરી જેવી ઉત્કૃષ્ટ સુવિધાઓ મળે છે. સાથે જ, અહીં મળતું તજજ્ઞોનું યોગ્ય માર્ગદર્શન વિદ્યાર્થીઓને સાચી દિશામાં મહેનત કરવાની પ્રેરણા આપે છે. આ સુવિધાઓના સહારે સરકારી સેવાઓમાં જોડાઈને પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવવા અને દેશસેવામાં યોગદાન આપવા માટે સજ્જ થઈ રહ્યા છે.

IAS સ્ટડી સેન્ટર દ્વારા UPSC/GPSC તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાના કોચિંગ માટે વર્ષ ૨૦૨૬-૨૭ માટેની પ્રવેશ પરીક્ષા - ૨૦૨૬ માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજીઓ ઓનલાઈન **તા. ૧૩ જુલાઈ, ૨૦૨૬** (સવારના ૧૧.૦૦ કલાકથી) થી **તા. ૨૭ જુલાઈ, ૨૦૨૬** (સમય રાત્રિના ૨૩.૫૯ કલાક સુધી) સુધી ઓનલાઈન મોડમાં જ ભરવાની રહેશે. જે ઉમેદવારોની અરજીની તારીખે **૨૦ વર્ષ પૂર્ણ થતા હોય અને સ્નાતક કક્ષાનો અભ્યાસ પૂર્ણ કર્યો હોય** તેવા ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ/વ્યક્તિઓ IAS સ્ટડી સેન્ટરની પ્રવેશ પરીક્ષા - ૨૦૨૬ માટે ઓનલાઈન અરજી કરી શકે છે. પ્રવેશ પરીક્ષા - ૨૦૨૬ના પરિણામના આધારે મેરીટમાં આવેલા ઉમેદવારોએ મેરીટના આધારે પસંદ થયેલ સંસ્થા દ્વારા જ્યારે ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટે બોલાવવામાં આવે ત્યારે ઓરીજીનલ ડોક્યુમેન્ટ્સ રજૂ કરવાના રહેશે.

પ્રવેશ પરીક્ષાની તારીખ, સમય, સ્થળ તેમજ અન્ય જરૂરી માહિતી હવે પછી https://gtuadm.samarth.edu.in/ વેબસાઈટ પર જણાવવામાં આવશે. પ્રવેશ પરીક્ષાની તમામ માહિતી મેળવવામાં માટે https://gtuadm.samarth.edu.in/ વેબસાઈટ જોતા રહેવું

વધુ માહિતી માટે સંપર્ક કરો – (સેન્ટર કો-ઓર્ડીનેટર I/C) (કોર્ષ કો-ઓર્ડીનેટર)

મો. 8160292329 મો. 9558340851